सत्यमेव जयते

# જિલ્લા મેજીસ્ટ્રેટ અને કલેકટરની કચેરી, ડાંગ-આહવા

ફોન નં.૦૨૬૩૧-૨૨૦૨૦૧ ફેક્સ નં.૦૨૬૩૧-૨૨૦૨૯૪ **E-mail-** collector-dan@gujarat.gov.in

ક્રમાંક:ફજદ/હથિયાર બંધી/વશી-૯૯૫થી ૧૦૨૪/૨૦૨૫ તા.૦૫/૦૫/૨૦૨૫

## ::ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ - ૩૭(૧) અન્વયેનું જાહેરનામું ::

પોલીસ અધિક્ષકશ્રી, ડાંગ આહવાની કચેરીના પત્ર નં.LIB/હથિ.હેરાફેરી.જાહે./૯૦૭/૨૦૨૫, તા.૦૨/૦૫/૨૦૨૫ની વિગતે જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે તેમજ જાહેર સુલેહ શાંતિનો ભંગ ન થાય તે માટે સમગ્ર ડાંગ જિલ્લામાં ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે હથિયારોની હેરાફેરી ઉપર પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરેલ છે. જે દરખાસ્ત વ્યાજબી જણાય છે.

વાસ્તે હું, **એસ.ડી. તબિયાર, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ડાંગ-આહવા** ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૭(૧)થી મને મળેલ સત્તાની રૂએ નીચે મુજબના કૃત્યો કરવા સામે પ્રતિબંધ ફરમાવું છું.

Add. District Magistrate Ahwa-Dang

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધોકા, છરી, બંદૂક, લાકડી, લાઠી, હજામનો અસ્ત્રો, ત્રિશુલ, શારીરિક ઇજા પહોંચાડી શકાય તેવું કોઇ સાધન સાથે લઇ જવું નહી.

(ખ) કોઇ ક્ષયકારી અથવા સ્ફોટક પદાર્થ લઇ જવું નહી.

(ગ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે શસ્ત્રો ફેકવા અથવા નાખવાના યંત્રો અથવા સાધનો લઇ જવા, એકઠા કરવા તથા તૈયાર કરવા નહી.

(ઘ કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવી નહી.

(ચ) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળાં દેખાડવા નહી

(છ) જો છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાથી તથા ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબરો અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કરવાથી અરુચિ અથવા નિતીનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેને પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની, તે ચાળા વિગેરે કરવા અથવા તે ચિત્રો, નિશાનીઓ વિગેરે તૈયાર કરવા, દેખાડવા અથવા તેનો ફેલાવો કરવા નહી.

### આ હુકમ નીચેના વ્યક્તિઓને લાગુ પડશે નહી.

(ક) સરકારી નોકરી પર કામ કરતી વ્યકિત એટલે કે તેના ઉપરી અધિકારીએ ફરમાવ્યું હોય અથવા કોઈ હથિયાર લઈ જવાની ફરજ હોય.

(ખ) કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ જેની અશકિતના કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યક્તિઓને લાગુ પડશે નહી.

(ગ) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, પોલીસ અધિકારીશ્રીએ અથવા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ અથવા સબ ડીવિઝનલ મેજીસ્ટ્રેટશ્રીએ અધિકૃત કરેલ તેવી બીજી કોઈ વ્યકિતઓને લાગુ પડશે નહી.

::અમલવારીનો સમય::

આ હુકમ તા.૦૫/૦૫/૨૦૨૫ના ક.૦૦/૦૦ થી તા.૦૩/૦૭/૨૦૨૫ ક.૨૪.૦૦ (બંને દિવસો સહિત) સુધી અમલમાં રહેશે.

::વિસ્તાર::

સમગ્ર ડાંગ જિલ્લો

::શિક્ષા ::

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ ૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાનો ભંગ/ઉલ્લંઘન કરવા બદલ ફરિયાદ માંડવા ફરજ પરના પોલીસ હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપલી કક્ષાના પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

:: જાહેર વિજ્ઞપ્તિ ::

આ જાહેરનામાની સમગ્ર જિલ્લામાં જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્ર, આકાશવાણી અને દૂરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ દ્વારા તથા પોલીસ સ્ટેશન, પોલીસ અધિક્ષકશ્રીની કચેરી, મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રીની કચેરી, સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટશ્રીની કચેરીના નોટીશ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધ કરવાની રહેશે તેમજ સહેલાઇથી જોઇ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવાની રહેશે.

આજ તારીખ:- ૦૫/૦૫/૨૦૨૫ નાં રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

Add. District Magistrate Ahwa-Dang

(એસ.ડી.તબિયાર)
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
ડાંગ-આહવા

પ્રતિ,